પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬ | ૭ એપ્રિલ, ૨૦૧૭, શુક્રવાર ; ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### દિલ્હીમાં ભાજપને ઝટકો



દિલ્હીમાં એમસીડીની ચૂંટણી સંદર્ભે ઉમેદવારીપત્રોની ચકાસણી દરમ્યાન ભાજપના ચાર ઉમેદવારોના ઉમેદવારીપત્રો રદ થતા પક્ષે ભારે આંચકો અનુભવ્યો છે. જ્યારે કોંગ્રેસના એક અને આપના એક ઉમેદવારીપત્રો પણ રદ થયા છે.

### શિવસેનાની વિમાન કંપનીને ધમકી



એર ઈન્ડિયાના સ્ટાફને ચપ્પલથી મારનાર શિવસેનાના સાંસદ રવિન્દ્ર ગાયકવાડ આજે સંસદ પહોંચ્યા હતા. તેઓએ એવિએશન મિનિસ્ટર અશોક ગણપતિ રાજુને ઘેરીને કહ્યુ હતુ કે તેઓ મુંબઈથી એકપણ ફ્લાઈટ ઉડવા નહી દે.

### અજય જયરામ મલેશિયા ઓપનની ક્વાર્ટરમાં



ભારતના બેડમિંગ્ટન ખેલાડી અજય જયરામે વર્લ્ડ નંબર-૪ ખેલાડી વિક્ટર એલેક્સનને ૯-૨૧, ૨૧-૧૪ અને ૨૧-૧૯થી હરાવી મલેશિયા ઓપનની ક્વાર્ટર ફાઈનલમાં સ્થાન મેળવ્યુ હતુ. ક્વાર્ટર ફાઈનલમાં તેનો મુકાબલો વર્લ્ડ નંબર-૫ના ખેલાડી સાથે થશે.

### 'ભાભીજી ઘર પર હૈ'ના ફેન્સ માટે ખરાબ સમાચાર



'ભાભીજી ઘર પર હૈ' શૉના ફેન્સ માટે ખરાબ સમાચાર છે. શૉની ગોરી મેમ એટલે કે અનીતાભાભીએ શૉ છોડવાનો નિર્ણય લઈ લીધો છે. તે કંઈક નવો શૉ કરવા ઈચ્છતી હોઈ આ શૉ છોડી રહી છે.

# કાશ્મીરમાં ભારે વરસાદ-હિમવર્ષા

**વરસાદથી જમ્મુ-કાશ્મીરમાં પુર જેવી સ્થિતિ : નીચાણવાળા અનેક વિસ્તારો જળબંબાકાર, જનજીવન ઠપ : કાશ્મીર ખીણમાં તમામ સ્કુલ અને કોલેજોમાં સોમવાર સુધી રજાની જાહેરાત કરવામાં આવી : પાણીના તમામ સોર્સમાં સપાટી વધી : હાઈએલર્ટની જાહેરાત**





શ્રીનગર, તા.૬

જમ્મુ-કાશ્મીરમાં અવિરત ભારે વરસાદ અને હિમવર્ષાના પરિણામ સ્વરૂપે પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. જમ્મુ-કાશ્મીરમાં પુર જેવી સ્થિતિના પરિણામ સ્વરૂપે એલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. સાવચેતીના તમામ પગલાં લેવાઈ રહ્યા છે. બચાવ અને રાહત કામગીરી પણ યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના મેદાની વિસ્તારોમાં સતત ભારે વરસાદ થઈ રહ્યો છે. સાથે સાથે હિમવર્ષાના કારણે પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. હાઈએલર્ટની જાહેરાત પણ કરવામાં આવી છે. તોફાનની આશંકાને ધ્યાનમાં લઈને તમામ જિલ્લાઓમાં ૨૪ કલાક ઈમરજન્સી હેલ્પલાઈન નંબર જારી કરવામાં આવ્યા છે. પોલીસને હાઈએલર્ટ પર રાખવાની સૂચના આપવામાં આવી છે. હવામાન વિભાગના એક અધિકારીએ કહ્યું છે કે શુક્રવારથી જ સ્થિતિમાં સુધારો થઈ

● અનુસંધાન પાન-૫ પર

# રેપોરેટ ૬.૨૫ ટકાના દરે યથાવત

**રિવર્સ રેપોરેટ ૫.૭૫ ટકાથી વધારીને ૬ ટકા કરવા નિર્ણય : પોલિસી સમીક્ષામાં વૈશ્વિક અનિશ્ચિતતા અને ફુગાવાની સ્થિતિને પણ ધ્યાનમાં લેવામાં આવી : સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે જાળવવાનો નિર્ણય**

મુંબઈ,તા.૬

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમીક્ષા આજે જારી કરવામાં આવી હતી. નાણાકીય નીતિ સમીક્ષામાં સતત ત્રીજી વખત રેપોરેટને ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ફુગાવાની સ્થિતિને ધ્યાનમાં લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. રિઝર્વ બેંકના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં નાણાકીય નીતિ સમિતિએ વ્યાજ દરમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો છે. આજની પોતાની નાણાકિય નીતિ સમિક્ષામાં રેપોરેટને ૬.૨૫ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કરાયો છે. જ્યારે રિવર્સરેપોરેટ ૫.૭૫ ટકાથી વધારીને ૬ ટકા કરવામાં આવ્યો છે એટલે કે રેપોરેટ અને રિવર્સ રેપોરેટમાં અંત ૦.૫૦ ટકાથી ઘટીને૯.૨૫ ટકા થઈ ગયો છે. રિવર્ઝ બેંકના કહેવા મુજબ આગામી છ મહિના (એપ્રિલ-સપ્ટેમ્બર)માં સીપીઆઈ આધારીત ફુગાવો ૪.૫ ટકા રહેશે. જ્યારે તેના આગળના છ મહિના (ઓક્ટોબર-માર્ચ) ત્રિમાસિક ગાળામાં પાંચ ટકા સુધી મોંઘવારીનો દર રહેવાનો અંદાજ છે. અલબત્ત જાન્યુઆરીથી માર્ચ ૨૦૧૮ ત્રિમાસિક ગાળામાં મોંઘવારીનો દર ૪.૯ ટકા રહેવાની વાત કરવામાં આવી છે. ખેડૂતોની લોન માફીને રિઝર્વ બેંકના ગવર્નરે નૈતિક ખતરા તરીકે ગણાવીને ટીકા કરી છે.

કેશ રિઝર્વ રેશિયો સીઆરઆરમાં કોઈ ફેરફાર ન કરવાનો નિર્ણય કર્યો છે અને સીઆરઆરને યથાવત ચાર ટકાના દરે રાખવાનો નિર્ણય કરાયો છે. એલએએફ કોરીડોર એકજસ્ટ કરવા માટે રિવર્સ રેપોરેટમાં વધારો કરાયો છે. એનએસએફ રેટ અને બેંક રેટ ૬.૭૫ ટકાથી ઘટાડીને ૬.૫૦ ટકા કરવામાં આવ્યો છે. સરપ્લસ લિક્વિડિટી ફેબ્રુઆરીથી અંકુશમાં હોવાનો દાવો આરબીઆઈ દ્વારા કરાયો છે. સરપ્લસ લિક્વિડિટી પરત લેવામાં આવશે. ૩-૪ સપ્તાહમાં આમાં ઘટાડો કરવામાં આવશે.

## રાજ્યસભા દ્વારા પણ ચાર જીએસટી બિલ પાસ થયા

**પહેલી જુલાઈથી જીએસટી અમલી બનાવવા તૈયારી**

નવી દિલ્હી, તા.૬

રાજ્યસભાએ આજે ચાર જીએસટી પૂરક બિલોને પસાર કરી દીધા હતા. આની સાથે જ છેલ્લા ઘણા દિવસથી સસ્પેંસનો અંત આવી ગયો હતો. પહેલી જુલાઈથી ઐતિહાસિક જીએસટી બિલ અમલી કરવામાં આવનાર છે. જે ચાર પાસ કરી દેવામાં આવ્યા છે તેમાં ઈન્ટેગ્રેટેડ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ બિલ, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ સ્ટેટ બિલ, યુનિયન ટેરેટરી ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ બિલનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ ગુડ્સ એન્ડ સર્વિસ બિલ ૨૦૧૭નો સમાવેશ થાય છે. રાજ્યસભામાં બિલ ઉપર ચર્ચાનો જવાબ આપતા નાણામંત્રી અરૂણ જેટલીએ કહ્યું હતું કે તેમને આ બાબત કબુલાત કરતા ખચકાટ નથી કે આ બિલ કોઈ એક સામાન્ય બિલ નથી. આ બિલ કોઈ એક વ્યક્તિ કે સરકારનું બિલ નથી.

● અનુસંધાન પાન-૫ પર

## ગાયકવાડ મામલે સંસદમાં બે પ્રધાનો સામ સામે આવ્યા

**ગૃહ મંત્રી અને અન્યોને દરમિયાનગીરી કરવી પડી : શિવસેના સાંસદ રવિન્દ્ર ગાયકવાડે પોતાની રજુઆત કરી સંસદમાં માફી માગી : એઆઈ પ્રશ્ને ગાયકવાડનું નિવેદન**

નવી દિલ્હી,તા. ૬

શિવસેના સાંસદ રવિન્દ્ર ગાયકવાડના મુદ્દા ઉપર આજે સંસદમાં એનડીએ સરકારના બે વરિષ્ઠ પ્રધાન આમને સામને આવી ગયા હતા.



એર ઈન્ડિયાના અધિકારી સાથે મારામારી કરવાના આરોપમાં ફસાયેલા શિવસેના સાંસદ રવિન્દ્ર ગાયકવાડે આજે સંસદમાં પોતાનું નિવેદન કર્યું હતું. પક્ષ પોતાનો રજુ કર્યા બાદ કેન્દ્રિય નાગરિક ઉડ્ડયન મંત્રી ગજપતિ રાજુએ નિવેદન કર્યુંહતુ. રાજુના નિવેદન પર શિવસેના સાંસદ લાલઘુમ થઈ ગયા હતા અને મંત્રીને તેમના સ્થાન પર જ ઘેરી લીધા હતા. કેન્દ્રિય ગૃહમંત્રી રાજનાથસિંહ અને મંત્રી એસ આહલુવિયાને દરમિયાનગીરી કરવાની ફરજ પડી હતી.

ઉસ્માનાબાદથી શિવસેના સાંસદ ગાયકવાડે આજે સંસદમાં એર ઈન્ડિયાના કર્મચારીની સાથે ખરાબ વર્તન કરવાને લઈને પોતાની રજુઆત કરી હતી. ગાયકવાડે કહ્યું હતું કે તેમની સાથે અન્યાય કરવામાં આવી રહ્યો છે. લોકસભા અધ્યક્ષથી પોતાના ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધને દુર કરવાની માંગ કરી હતી.

## ગુજરાત લાયન્સ-કોલકત્તા વચ્ચે આજે રોમાંચક જંગ

રાજકોટ ,તા. ૬

હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગની શરૂઆત થયા આવતીકાલે શુક્રવારના દિવસે ગુજરાત લાયન્સ અને કોલકત્તા નાઈટ રાઈડર્સ વચ્ચે રાજકોટમાં રોમાંચક જંગ ખેલાનાર છે. રાજકોટમાં રમાનારી આ મેચનુ જીવંત પ્રસારણ રાત્રે આઠ વાગ્યાથી કરવામાં આવનાર છે. બન્ને ટીમો આઈપીએલમાં જીત સાથે પોતાની શરૂઆત કરવા માટે ઉત્સુક છે. ખાસ કરીને ઘર આંગણે ગુજરાત પર વધારે દબાણ રહેશે. કોલકત્તાની ટીમમાં અનેક સ્ટાર આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરના રહેલા છે. ન્યુઝીલેન્ડના ઝડપી બોલર બોલ્ટ, પોવેલ અને સુનિલ નારેન પર તમામની નજર રહેશે. જો કે ગુજરાતની ટીમમાં ઓસ્ટ્રેલિયન આક્રમક બેટ્સમેન એરોન ફિન્ચ પર તમામની નજર રહેશે.

## અડવાણી-જોષી સામેની અરજી પર ચુકાદો અનામત રખાયો

**બાબરી મસ્જિદ ધ્વંસના કેસમાં ભાજપના નેતાઓ સામેના કેસને રાયબરેલીથી લખનૌ ખસેડવા માંગ : કાવતરા આરોપો ફરી મુકવાની માંગ કરતી અરજી**

નવી દિલ્હી,તા. ૬

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં સુપ્રિમ કોર્ટે આજે એલકે અડવાણી, મુરલી મનોહર જોશી, ઉમા ભારતી સહિત ભાજપના વરિષ્ઠ નેતાઓ સામે સનસનાટીપૂર્ણ બાબરી મસ્જિદ ધ્વંસ કેસમાં કાવતરા આરોપો ફરી રજુ કરવાની માંગ કરતી અરજી પર તેનો ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રિમ કોર્ટ દ્વારા વીવીઆઈપી આરોપીની ટ્રાયલ રાયબરેલીમાં કોર્ટથી લખનૌમાં ટ્રાન્સફર કરવી જોઈએ કે કેમ તે અંગે નિર્ણય લેવામાં આવશે. છઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૨ના દિવસે વિવાદાસ્પદ માળખાના ધ્વંસ સાથે સંબંધિત કેસના બે સેટ રહેલા છે. પ્રથમ સેટમાં કારસેવકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ઘણા લોકોના નામ છે. આ સંદર્ભમાં ટ્રાયલ લખનૌ કોર્ટમાં ચાલી રહી છે. જ્યારે કેસનો બીજો સેટ રાયબરેલી કોર્ટમાં વીવીઆઈપી સાથે સંબંધિતનો છે. જસ્ટીસ પીસી ઘોષ અને આરએફ નરીમનની બનેલી બેંચે સંકેત આપ્યો



છે કે રાયબરેલીથી ટ્રાયલને લખનૌમાં ટ્રાન્સફર કરીને કેસના બંને સેટના સંયુક્ત ટ્રાયલની દિશામાં પહેલ થઈ શકે છે. બેંચનું કહેવું છે કે ૨૫ વર્ષનો ગાળો પસાર થઈ ચુક્યો છે છતાં હજુ સુધી કોઈ નિકાલ આવી રહ્યો નથી. દરરોજના આધાર ઉપર ટ્રાયલ હાથ ધરવાની જરૂરિયા દેખાઈ રહી છે. અડવાણી અને જોશી તરફથી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ એડવોકેટ કેકે વેણુગોપાલે સંયુક્ત ટ્રાયલ યોજવા માટેની દરખાસ્તનો વિરોધ કર્યો હતો અને સાથે સાથે તેમનો કેસ રાયબરેલીથી લખનૌમાં ટ્રાન્સફર કરવાની માંગ કરી હતી. સીબીઆઈએ સ્પષ્ટતા કરી છે કે વીવીઆઈપી આરોપોઓ સામે ટ્રાયલના મુદ્દા પર કોઈ નક્કર પુરાવા હાથ લાગી શક્યા નથી.

# રેલવે ભાડા નિયત કરવા રેગ્યુલેટરને લીલીઝંડી

**કેન્દ્રિય કેબિનેટ દ્વારા દરખાસ્તને મંજુરી : રેગ્યુલેટરી એજન્સી દ્વારા રેલવે ભાડાના સંબંધમાં જરૂરી ભલામણ કરાશે : રેલવેમાં સુધારાની દિશામાં મોટી પહેલ**

નવી દિલ્હી,તા. ૬

એક મહબત્વપૂર્ણ ઘટનાક્રમના ભાગરૂપે કેન્દ્રિય કેબિનેટે રેલવે માટે



એક સ્વતંત્ર રેગ્યુલેટરી એજન્સીની રચના કરવા માટેની દરખાસ્તને મંજુરી આપી દીધી છે. આ રેગ્યુલેટરી એજન્સી રેલવે યાત્રી ભાડામાં જરૂરી ફેરફાર કરવા અને અન્ય કેટલીક જરૂરી ભલામણ કરશે. કેન્દ્રિય સામાન્ય બજેટની સાથે રેલવે બજેટને મર્જ કરી દેવામાં આવ્યા બાદ આ હિલચાલને રેલવેમાં સુધારાની દિશામાં એક મોટી પહેલ તરીકે ગણવામાં આવે છે. યાત્રી ભાડા અને નુરના દરોને વધારે તર્કસંગત બનાવી દેવાની દિશામાં પહેલ કરવામાં આવી રહી છે. રેગ્યલેટર પાસે માત્ર ભલામણ કરવા માટેની સત્તા રહેશે. પરંતુ આના કારણે યાત્રી ભાડામાં સુધારા કરવાની દિશામાં માર્ગ મોકળો થઈ ગયો છે. યાત્રી ભાડા હાલમાં ખુબ ઓછા છે. નુરના દર ઘટે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે ઉંચા યાત્રી ભાડાની સામે નુરના દરને બેલેન્સ કરવામાં આવનાર છે. રેગ્યુલેટર દ્વારા સિદ્ધાંતો નક્કી કરવામાં આવનાર છે. પારદર્શક માહોલમાં યાત્રા અને નુરના દર નક્કી કરવા માટે નવી નવી પહેલ કરવામાં આવનાર છે. રેલવેના રેગ્યુલેટર દ્વારા અન્ય કેટલીક બાબતોની ખાતરી કરવામાં આવનાર છે. યાત્રી ભાડાને કારણે રેલવેને જંગી નુકસાન થઈ રહ્યુ છે. યાત્રી ભાડાના વર્ગમાંથી રેલવેને નુકસાનમાંથી બહાર કાઢવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.










## બેસણું

મારા ધર્મપત્નિ **કૈલાસબેન જોષી** નું દુઃખદ અવસાન તા.૫-૪-૨૦૧૭ના રોજ થયેલ છે.

**સદ્ગતનું બેસણું તા.૮-૪-૨૦૧૭ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ :- સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર**

રમેશચંદ્ર જટાશંકર જોષી (પતિ)
ગં.સ્વ.રમાબેન વસંતરાય જોષી (જેઠાણી)
ધનંજય રમેશચંદ્ર જોષી (પુત્ર)
નિરાલીગૌરી ધનંજય જોષી (પુત્રવધૂ)
અંજના અશોક રાવલ (પુત્રી)
ડો.ચેતના અરૂણ બુચ (પુત્રી)
ઉર્વશી મયૂર જોષી (પુત્રી)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
વિપુલ રામશંકર જોષી, કૌશીક રામશંકર જોષી, સંદિપ વિપુલભાઈ જોષી